## અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાનું આયોજન

★ ૧૫/૩/૧૮૩ : શ્રી રમેશભાઈ મિસ્ત્રી (ભરૂચ): માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો ઉક્ત હવાઈપટ્ટી વિકસાવવાથી શાં લાભ થશે, | (૨) | અંક્લેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાથી, અંક્લેશ્વર નજીક આવેલ દહેજ અને ભરૂચ ખાતે સ્થિત ઔધોગિક એકમો સંબંધી ઔધોગિક સેવાઓને વેગ મળશે તેમજ પર્યટન અને મુસાફરી સેવાઓને વધુ એર-કનેક્ટીવીટીનો લાભ મળશે સાથે આસપાસના લોકોને નવી રોજગારીની તકો મળશે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ અંક્લેશ્વર હવાઈપટ્ટીની શું સ્થિતિ છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ અંક્લેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવા રન-વે, એપ્રોન, ટેક્સી-વે બાંધકામનું કાર્ય હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૪) | ભવિષ્યમાં ઉક્ત હવાઈપટ્ટી ખાતે ક્યા પ્રકારની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે? | (૪) | ભવિષ્યમાં અંક્લેશ્વર હવાઇપટ્ટી ખાતે ફ્લાઇંગ ટ્રેનીંગ સ્કુલ,એ.ટી.સી કન્ટ્રોલ ટાવર, પેસેન્જર ટર્મીનલ બિલ્ડીંગ, એમ.આર.ઓ. (મેઇન્ટેનન્સ, રીપેર એન્ડ ઓવરહોલ), કાર્ગો હેંગર વગેરે જેવી આધુનિક સુવિધાઓ ધરાવતુ એરપોર્ટ વિકસાવવાનું આયોજન છે. |

ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૧૫/૦૯/૨૦૨૩

ક્રમાંક: વસપ/૧૦૨૦૨૩/તાપ્ર-૨/ન
ઉદ્યોગ અને ખાણ વિભાગ ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૧/૦૯/૨૦૨૩

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૨૫/૦૮/૨૦૨૩ના પત્ર ક્રમાંક:પ્ર.પ/૧૦૪૫૫ અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

(બી.પી.મેંદપરા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયન, સરદાર પટેલ એરપોર્ટ, ગુજસેલ કોમ્પલેક્ષ, અમદાવાદ.
- સી.ઇ.ઓ, ગુજસેલ, સરદાર પટેલ એરપોર્ટ, ગુજસેલ કોમ્પલેક્ષ, અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, જ શાખા ,ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.

ISSUED
Dt.: 01/09/'23
Sign.: 